ધનસુરા કોર્ટ પરિસરમાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત આજે ધનસુરા બાર કાઉન્સિલના સભ્યો દ્વારા ધનસુરા કોર્ટ પરિસરમાં સફાઈ કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઈ કાર્યમાં બાર એસોસિએશનના પ્રમુખ કરશનભાઈ ભરવાડ, ભીખાભાઈ પટેલ, નરસિંહભાઈ પટેલ, બાબુભાઈ પટેલ સહિત તમામ વકીલો જોડાયા હતા અને સફાઈ અભિયાનને સફળ બનાવ્યું હતું.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

હવે તંદુરસ્ત યુવા ભારતની રચના માટે સરકાર કટિબદ્ધ

રમત ક્ષેત્રે પ્રથમ આંતરરાષ્ટ્રીય વાયબ્રન્ટ ગુજરાત સ્પોર્ટસ સમિટનું ઉદઘાટન : શિક્ષણમંત્રી ચુડાસમાનું પ્રેરક સંબોધન

ગાંધીનગર, તા.૧૭

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, રમતગમતની પ્રવૃત્તિઓથી યુવાનો શારીરિક સૌષ્ઠવ મેળવે અને તંદુરસ્ત યુવા ભારતની રચના થાય તે દિશામાં રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ખેલકૂદ ક્ષેત્રે પ્રથમ આંતરરાષ્ટ્રીય વાયબ્રન્ટ ગુજરાત સ્પોર્ટસ સમિટિ : ડિકોડીંગ સ્પોર્ટસ ઈકો સિસ્ટમ વિષય પરના સમુહચિંતન સેમિનારનો મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરતાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સ્પોર્ટસ કલ્ચરના વિકાસથી બાળકોમાં શારીરિક ક્ષમતા વિકસે છે તેના પરિપાક રૂપે આપણને શ્રેષ્ઠ ખેલાડીઓ પ્રાપ્ત થાય છે જે રાજ્ય અને રાષ્ટ્રનું નામ વિશ્વભરમાં ગૌરવ પૂર્વક પ્રસ્થાપિત કરે છે. રમત ગમત ક્ષેત્રે શાળાસ્તરેથી જ વધુને વધુ બાળકો ભાગ લેતા થાય તે માટે રાજ્ય સરકારે સઘન પ્રયત્નો કર્યા છે. રમત ગમતમાં ખેલદીલીના વધુ ગુણો વિકસે છે. રાજનીતિ અને વેપાર ઉદ્યોગ ક્ષેત્રોમાં પણ ખેલદીલીનો ગુણ અનિવાર્ય છે, તેમ જણાવી તેમણે રમત ગમતને ખેલદીલીના ગુણો વિકસાવવા માટેનું સર્વશ્રેષ્ઠ માધ્યમ ગણાવ્યું હતું. રમત ગમત વિભાગના રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણીએ કહ્યું કે, રાજ્યમાં રમત ગમતના વાતાવરણથી માંડીને શ્રેષ્ઠ પુરસ્કાર સુધીની સર્વે બાબતો અને સંસાધનોને એક સાથે જોડવાથી ખેલાડીઓ તૈયાર થાય છે. પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રાજ્યના છેવાડાના ગામડાથી માંડીને રાજ્યકક્ષા સુધીનું ખેલમહાકુંભનું થયેલું આયોજન સમગ્ર રાષ્ટ્ર માટે દિશાસૂચક બન્યું છે. મંત્રીએ ગુજરાતનું નામ ભારતના નકશા પર અંકિત કરનાર હરમિત દેસાઈ, અંકિત રાજપરા, રૂપેશ શાહ અને લજ્જા ગોસ્વામી જેવા ગુજરાતનું હિર દેખાડનાર ખેલાડીઓને ધન્યવાદ પાઠવ્યા હતા. મંત્રી નાનુભાઈ વાનાણીએ રમત ગમત ક્ષેત્રે રાજ્ય સરકારે નવી શરૂ કરેલી અનેકવિધ યોજનાઓ અને નવ પહેલની વિસ્તૃત વિગતો આપી હતી.

સમિટના ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેલા ભારત સરકારના રમત ગમત વિભાગના સચિવ અજીત શરને રમત ગમત અંગે દેશને અગ્રીમ હરોળમાં પ્રસ્થાપિત કરવા ચતુષ્કોણીય પગલાની હિમાયત કરી હતી. તેમના જણાવ્યા પ્રમાણે રમત ગમતના વિકાસ માટે સૌ પ્રથમ સ્થાનિક સ્તરે જ રમતને કૌશલ્યના વિકાસ માટેનું પ્લેટફોર્મ અને કૌશલ્ય વિકાસની ઓળખ માટેની પ્રણાલી પ્રસ્થાપિત કરવી પડે ગુજરાતે ખેલ મહાકુંભ દ્વારા આ પ્રક્રિયા શરૂ કરી દીધી છે. જે શ્રેષ્ઠ પ્રયાસ છે તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર આ કામગીરી માટે સ્પોર્ટસ ટેલેન્ટ સર્ચ સ્કીમ શરૂ કરશે એ દેશભરમાંથી ૮ થી ૧૧ વર્ષના કિશોરોની પ્રતિભા શોધ કરશે. તેમણે મહત્વના બીજા પગલા તરીકે રમત ગમતના વૈજ્ઞાનિક વિકાસ અને અભિગમને ગણાવ્યા હતા.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકનું કલેક્ટર કચેરી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગત સંકલન સમિતિની બેઠકના અંદાજે ૧૬ જેટલા પાયાના મહત્વના પ્રશ્નોની ચર્ચા મોડાસા ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર દ્વારા કરવામાં આવી હતી.

જેમાં અરવલ્લી જિલ્લાની કેટલી પ્રાથમિક શાળામાં સિન્ટેક્ષના રૂમોના ઉપયોગ અંગે, મોડાસા-ધનસુરા તાલુકામાં કેટલા રેસ્ટોરેન્ટ, હોટલોના લાયસન્સ બાબતે તેમજ બિન ખેતીની જમીનોની મંજુરી અંગે, માલપુરતાલુકાના માલપુર ગામના સર્વે નં. ૧૨૦માં બિન ખેતી કેટલા વાર જમીનને જુદા જુદા હેતુ માટે ખેતીના ઉપયોગ અંગે, મોડાસા બસસ્ટેન્ડની આજુબાજુના વિસ્તારમાં ગંદકી અંગે આ ઉપરાંત મોડાસા તાલુકાના નવા ખડોદા ગામે શાળાના બાળકોને પીવાના પાણીની મુશ્કેલી અંગે, મોડાસા-ધનસુરા તાલુકાના વિદ્યાર્થીઓને બસ સુવિધા તેમજ રાજીવ ગાંધી ભવન બાબતે, રૂર્બન યોજના હેઠળ આ જ વિસ્તારમાં ગટર લાઈનોની મંજુરી અર્થે, અરવલ્લી જિલ્લાના કેટલાક ગામોમાં ધોરણ-૧૧-૧૨ નથી જેથી વિદ્યાર્થીઓને ૧૫ કિ.મી. દૂર ભણવા જવું પડે છે વગેરે પ્રશ્નોની વિશદ ચર્ચા કરવામાં આવી હતી. જે અંગે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આગામી ૨૦૧૫ ના વર્ષને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તેમજ ગતિશીલ ગુજરાત અન્વયે ૧૮ મુદ્દાઓ અંગે તમામ કચેરીઓના અધિકારીશ્રીઓને સુવ્યવસ્થિત આયોજન અંગે તૈયાર કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન, જિલ્લા પોલીસ અધિકારીશ્રી મયુર ચાવડા, નાયબ કલેક્ટરશ્રી એસ.બી. પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ પ્રાંત અધિકારીશ્રીઓ તેમજ સંલગ્ન તમામ જિલ્લા તેમજ તાલુકાના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આજે ૬ જગ્યાએ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

રાજ્યમાં છેવાડાના માનવીને મદદરૂપ થવા યોજાઈ રહેલા છઠ્ઠા રાઉન્ડના ગરીબ કલ્યાણ મેળા અભિયાન-૨૦૧૪ અંતર્ગત તા. ૧૮-૧૦-૧૪ના રોજ રાજ્યભરમાં ૯ તાલુકા, ૫ નગરપાલિકા અને ૧ મહાનગરપાલિકા વિસ્તારમાં ૬ ગરીબ કલ્યાણ મેળા યોજાશે. જેમાં ૪૬,૫૩૦ લાભાર્થીઓને રૂ. ૫૧.૦૬ કરોડની સહાય ચુકવવામાં આવશે તેમ વિકાસ કમિશ્નર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આ ૬ ગરીબ કલ્યાણ મેળામાં આવાસ યોજનાઓના ૧૦,૦૪૩ લાભાર્થીઓને રૂા. ૧૭.૪૯ કરોડની સહાય બેન્કેબલ અને સ્વરોજગારની જુદી જુદી યોજનાઓ હેઠળ ૧૯૭૯ લાભાર્થીઓને રૂા. ૧.૬૧ કરોડની સહાય મહિલા અને બાળ કલ્યાણની વિવિધ યોજના હેઠળ ૧૩૪૬ લાભાર્થીઓને રૂા. ૧૩.૮૪ લાખ સહાય ચુકવવામાં આવશે.

ઉદગમ સ્કુલમાં ફી વધારાના વિરોધમાં વાલીઓના દેખાવ

શાળામાં વાલીઓએ ભારે હોબાળો મચાવીને ફી વધારો પરત ખેંચવાની માંગ કરી : ઉગ્ર આંદોલન કરવાની ધમકી

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલી ઉદગમ સ્કુલમાં એકાએક ૫ થી ૮૬ ટકા સુધીનો ફી વધારો કરી દેવામાં આવ્યો છે જેના કારણે વિફરેલા વાલીઓએ આજે સવારે શાળામાં હોબાળો મચાવીને ફી વધારો પાછો ખેંચવા માટે માંગ કરી હતી તેમજ ફી વધારો પાછો ન ખેંચાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલ ઉદગમ સ્કુલના સંચાલકો દ્વારા પ્લે-નર્સરીથી માંડીને ધોરણ-૧૦ સુધીના વર્ગોમાં ૫ થી ૮૬ ટકા સુધીનો કમરતોડ ફી વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. સૌથી વધારે ફી વધારો જુનિયર કેજીની ફીમાં ૮૬ ટકાનો કરવામાં આવ્યો છે. જુનિયર કેજીની વાર્ષિક ફી વર્ષ ૨૦૧૪-૧૫માં રૂા. ૫૭,૦૦૦ હતી જે અચાનક વધારીને રૂા. ૧,૦૬,૦૦૦ કરી દેવામાં આવી છે. આ જ રીતે ધોરણ-૫ની ફી વર્ષ ૪૦,૩૭૫ હતી જે વધારને રૂા. ૫૨,૭૫૦ કરી દેવામાં આવી છે. દિવાળીના સમય જ કરવામાં આવેલ કમરતોડ ફી વધારાને કારણે આજે વહેલી સવારે શાળા શરૂ થતાની સાથે જ શાળાના કેમ્પસમાં દોડી ગયા હતા તેમજ ઉગ્ર દેખાવો કરીને હોબાળો મચાવી સ્કુલના સંચાલકો સમક્ષ ફી વધારો પાછો ખેંચવા માટે માંગ કરવામાં આવી હતી. જો કે વાલીઓની માંગ છતાં શાળાના સંચાલકો દ્વારા ફી વધારો પાછો ખેંચવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો એટલું જ નહીં આગામી ૧૨ વર્ષ સુધી દર વર્ષે ૧૦ થી ૧૫ ટકાનો ફી વધારો કરવામાં આવશે તેવી પણ જાહેરાત કરી હતી. જેનાથી નારાજ વાલીઓ દ્વારા ઉદગમ સ્કુલ ખાતે એકઠા થઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેમજ ફી વધારો તાકીદે પાછો ખેંચવા માંગ કરાઈ હતી અને જો ફી વધારો પાછો ન ખેંચાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી હતી.

દાંતીવાડા ડેમમાંથી યુવતીનો મૃતદેહ મળ્યો

દાંતીવાડા, તા. ૧૭

દાંતીવાડા સ્થિત દાંતીવાડા ડેમમાંથી આજે સાંજે બે દિવસથી ગુમ યુવતીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મોતની ઘટનાને પગલે મૃતક યુવતીના પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા સ્થિત દાંતીવાડા ગામની પરણિત યુવતી બે દિવસથી ગુમ હોવાની ફરિયાદ યુવતીના પતિએ દાંતીવાડા પોલીસમથકમાં નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસની ટીમે સમગ્ર વિસ્તારમાં ભારે શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન દાંતીવાડા ડેમ પાસે એક મહિલાના ચંપલ પોલીસને મળી આવતા પોલીસે તરવૈયાઓને ડેમમાં ઉતારી મહિલાની પાણીમાં શોધખોળ કરી હતી. પરંતુ સાંજ સુધી કોઈ ભાળ ન મળી હતી. આજે ફરી રામનગર ગામના રહિશ ભરતસિંહ વાઘેલા, મોતીસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા અને પરધાનસિંહ વાઘેલાની મદદથી ડેમના પાણીમાં શોધખોળ કરતા કલાકોની ભારે જહેમત બાદ યુવતીનો મૃતદેહ પાણીમાંથી મળી આવ્યો હતો. આ સંદર્ભે દાંતીવાડા પોલીસે ગુનો નોંધી મૃતદેહને દાંતીવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપ્યો હતો. આ અંગેની વધુ તપાસ પી.એસ.આઈ. કે.પી. ગઢવી ચલાવી રહ્યા છે.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

શહેરી ક્ષેત્રને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરીજનોની સહુલિયત વધારવા સાથોસાથ સમસ્યાઓનો હલ પણ ટેકનોલોજી પ્લાનિંગથી લાવવો છે.

તેમણે ઉમેર્યું કે, શહેરી આયોજનના આ આધુનિક ડિઝાઈન-પ્લાનિંગમાં આંતરમાળખાકીય સુવિધા જ પુરતી નથી, જનસામાન્યની લાગણી-ઈમોશન્સની પૂર્તતા પણ જરૂરી છે અને તે માટે આ ક્ષેત્રના તજજ્ઞો સહભાગીતા અને સહયોગથી સાતત્યપૂર્ણ શહેરી વિકાસનું સહિયારૂ વિઝન અપનાવે તેવી આપણી નેમ છે. જો આ નેમ પાર પાડીશું તો, શહેરી વિકાસ સાથે રિજિયનલ ઈકો સિસ્ટમ પણ વિકસીત થશે તે સરવાળે 'સ્માર્ટ સીટી' નિર્માણના આપણા મૂળભૂત હેતુને વેગવાન બનાવશે.

ભારતના ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટીઝ બનાવવાની વડાપ્રધાનશ્રીની જાહેરાત સંદર્ભમાં અમેરિકા, જાપાન, સિંગાપોર જેવાં રાષ્ટ્રોએ સહયોગ પ્રતિબદ્ધતા દર્શાવી છે તે સંદર્ભમાં અર્બન ડિઝાઈન-પ્લાનિંગનો આ પરિસંવાદ ઉપયુક્ત બનશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

શ્રીમતી આનંદીબહેને 'ડિઝીટલ ઈન્ડીયા'ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પની પૂર્તિ માટે પણ 'સ્માર્ટ સિટી' પ્રોજેક્ટ પૂરક બનશે તેની વિગતો આપતાં ગુજરાતમાં નાગરિક સુવિધા સુખાકારીમાં આઈ.ટી. ટેકનોલોજી, બ્રોડબેન્ડ કનેક્ટીવિટી અને ખેડબ્રહ્મા જેવા અંતરિયાળ આદિવાસી વિસ્તારોને પણ વાઈ-ફાઈ સુવિધાથી જોડવાના નવતર આયામોની વિશેષતા વર્ણવી હતી.

શબ્દાવલી - ૫૫૩૬



આડી ચાવી

૧. ગરમ મસાલામાં આવતા એક જાતના ફુલ (૫)
૫. નબ્જ, નાડી, નસ (૨)
૬. સુમસાન (૩)
૮. વહેમ, શંકા (૨)
૧૦. ... જવો, અહોતરાઇ જવું (૪)
૧૧. સ્ફૂર્તિ, જોમ (૫)
૧૨. જાગૃત (૩)
૧૪. મસલત, વાતચીત (૪)
૧૭. પહેલાંના જમાનાની કલમ (૨)
૧૯. સિંહને... કહેવાય, વનનો રાજા (૪)
૨૨. પિતૃ પાછલ કરાતી વિધિ(૩)
૨૩. નક્કર, કસાયેલ (૪)

ઊભી ચાવી

૧. ધરતીકંપથી લોકોમાં... ફેલાઇ ગઇ છે, બીક-ગભરાટ(૪)
૨. ભય, બીક (૨)
૩. બ્રેડ બહુ દિવસ રહે તો તેના ઉપર... થઇ જાય છે (૨)
૪. છુ, ભાગી જવું,...થઇ જવું(૩)
૬. સગવડ (૨)
૭. ઘોડા વગેરેમાં તેની પરખ માટે... જોવાય, જાતવંત (૩)
૯. કાપવાનું ઓજાર (૪)
૧૦. તકરાર, મનભેદ (૩)
૧૩. આબુમાં આ તળાવ છે(૨)
૧૪. સંગ, ...ની અસર આવે જ(૩)
૧૫. મીઠું, સબરસ (૩)
૧૬. અંગ્રેજીમાં... એને પુત્ર અને સૂર્ય થાય (૨)
૧૮. જેસલ...ની સમાધિ કચ્છ-અંજારમાં છે (૩)
૨૦. રખ્યા, માટી (૨)
૨૧. ચેતના વિનાનું (૨)

શબ્દાવલી ૫૫૩૫ના જવાબ

આડી ચાવી :- (૧) ધરતી (૨) ખટરાગ (૫) ખટકો (૬) પગાર (૯) પરવાના (૧૦) તરફડાટ (૧૨) તારો (૧૩) સર્વત્ર (૧૪) કરાર (૧૬) રાબ (૧૭) રવ (૧૮) પ્રહર (૨૦) જટીલ (૨૧) તસકર

ઊભી ચાવી :- (૧) ધરપત (૨) ખટપટ (૩) ટકોર (૪) ગણનાપાત્ર (૭) ગાર (૮) રફતાર (૧૧) ડારો (૧૩) સબરસ (૧૪) કરજ (૧૫) રાવટી (૧૬) રાહત (૧૯) તાર

તંત્ર રામ ભરોસે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટ્રીટ લાઈટની સેવા સદંતર ખાડે ગઈ છે. સેકટરોની શેરીઓમાં સ્થિત હજારો પોલ્સ પૈકી ઘણા ખરા બંધ હાલતમાં છે. એક બાજુ અગાઉ ટોરેન્ટ પાવર કંપની કક્ષાએથી સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારીમાંથી મુકત થવા વિભાગને દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી પરંતુ હાલ આ વ્યવસ્થા યથાવત છે તેવા સંજોગોમાં સેકટરોમાં સ્થિત લાઈટીંગ પોલ્સ છાશવારે બંધ હાલતમાં જોવા મળે છે. નવરાત જેવા ધાર્મિક પર્વ દરમિયાન પણ સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સેકટરોની શેરીઓમાં અંધારપટ્ટ જોવા મળતો હતો. આવા સંજોગોમાં પણ રહીશની ફરિયાદો નિવારવા પાટનગર યોજના ભવનનો વિદ્યુત વિભાગ હરકતમાં ન આવતા વસાહતીઓએ ભયના ઓથા હેઠળ હાલાકી ભોગવવી પડી હતી. સ્ટ્રીટલાઈટની જાળવણી તેમજ સેકટરોની શેરીઓમાં પ્રકાશ પાથરવા વર્ષે કરોડોનું આંધણ થાય છે. આમ છતાં આ નાગરિકોએ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારની જેમ પાટનગરમાં જ ધક્કે ચઢવાનો વારો આવે છે. શહેરમાં હાલ સ્ટ્રીટ લાઈટની જાળવણીનો મામલો જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સે-૪-ડી સહીતના નવા સેકટરોમાં દિવાળી પૂર્વે યોગ્ય સર્વે હાથ ધરી બંધ સ્ટ્રીટલાઈટો ચાલુ કરવા જરુરી પગલા લેવાય તેવી પ્રબળ માંગણી અને લાગણી ઉઠવા પામી છે.

મંથન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થળો પર પણ વાંચી શકાય તે રીતે જાહેરાતો કરવી તેવા મહત્વના નિર્ણયો અધિકારીઓની મંથન બેઠકમાં લેવામાં આવ્યા છે.

ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા પ્રશ્નો તેમજ જેનો નકારાત્મક ઉકેલ આવ્યો છે તેની વિગતો પંચાયતો પાસેથી મેળવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંગેના કારણોની પણ તપાસ કરવામાં આવશે.

ગ્રામસભા અભિયાન બળવાન બને તે માટેના જરુરી પ્રયાસો સાથે ગામના વિકાસમાં સૌની ભાગીદારી વધુ મજબુત રીતે ચરિતાર્થ થાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે.

લોકોમાં જાગૃતિ આવે તેને ધ્યાને રાખી ગ્રામ વિકાસના જે કામો પડતર છે તે અગ્રતાના ધોરણે પૂર્ણ કરવા માટે પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામસભાઓ એક સાથે જે યોજાય છે તેમાં લાયઝન અધિકારીઓ પણ હાજરી આપી શકતા નથી તેથી તેના પ્લાનીંગમાં પણ એક અધિકારીને બે થી વધુ સભાઓમાં જવાનું એક દિવસમાં ના થાય તે જોવા પણ અધિકારીઓને જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનમાં સાથે સાથે વેરા વસુલાત પર પણ ચર્ચા થાય એટલું જ નહિ તેની ઉપર સુધારા વધારાના સૂચનો મેળવવામાં આવે તેવો મત પણ વ્યકત થયો હોવાનું જાણવા મળેલ છે.

વિકાસની વિવિધ યોજનાઓ અંગેની સમજ અધિકારીઓ વિસ્તૃત રૂપે આપે તેવો પણ નિર્ણય બેઠકમાં થયાનું જાણવા મળેલ છે.

લક્ષ્મીજીને આવકારશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધીરજ અને ખંતથી તૈયાર કરવામાં આવતી હોય છે. રંગોળીમાં ધાર્મિક પ્રતિકો જેવા કે સાથીયો, કુંભ, શ્રીફળ, ઓમ વગેરેનો પણ છુટથી ઉપયોગ કરવામાં આવે છે.

ગાંધીનગરમાં દિવાળી હવે નજીક આવી ગઈ છે ત્યારે અનેક ઠેકાણે રંગોળી માટેના રંગો અને તેને ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓ મળી રહ્યા છે. રંગોળીના રંગો હવે દરેક સેક્ટરમાં સોસાયટીમાં ફેરિયાઓ અને લારીવાળાઓ પણ વેચવા માટે આ દિવસોમાં ફરી રહ્યા છે. જેઓ તોલ ઉપર રંગો આપતા હોય છે. આ વર્ષે પણ ગાંધીનગરના નગરજનો અવનવી નવીન પ્રકારની રંગબેરંગી રંગોળીઓ દ્વારા લક્ષ્મીદેવીને આવકારવા થનગની રહ્યા છે.

ટુંકી મુદતની જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, કચેરીના કાર્યક્રમોમાં કરવાની થતી ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના કામ માટે તમામ કરવેરા સહિતના ભાવપત્રક મંગાવવામાં આવે છે. ઈસમોએ કચેરીની વેબસાઈટ http://btm.gujarat.gov.in પરથી કચેરી દ્વારા આપવામાં આવેલ ફોર્મ ડાઉનલોડ કરીને તેમાં જ ભાવ ભરવાના રહેશે. ફોર્મ ભરીને તા. ૨૭/૧૦/૨૦૧૪ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે પહોંચાડવાના રહેશે.

મિશન નિયામક

કચેરીનું સરનામું : ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, બ્લોક નં.૧૧, ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૭

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
R.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.